# અમદાવાદ એજ્યુકેશન સોસાયટી,

## જાહેર નોટીસ

આથી જણાવીએ છીએ કે : –

૧. અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના ટ્રસ્ટીઓ, ગવર્નીંગ બોડીના સભ્યો અને કાઉન્સીલના સભ્યોની ચુંટણી તા.૦૯/૦૬/૨૦૧૯ ના રોજ કરવામાં આવશે અને આ ચૂંટણી માટેનું ઇલેકટોરલ રોલ સોસાયટીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલું છે.

૨. અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના જે પેટ્રન, વાઇસ પેટ્રન્સ તથા ડોનર, તથા એસોસીએશન તથા સામાન્ય સભ્યોને તેવા ઇલેકટોરલ રોલમાં તેઓનું નામ છે કે કેમ તે અંગે તેઓની ચકાસણી કરવી હોય તો તેઓ અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની ઓફિસ પર બપોરે ૧૨-૦૦ થી ૫-૦૦ ના સમય દરમ્યાન કોઇપણ ચાલુ દિવસે આવીને તા.૩૦/૦૪/૨૦૧૯ સુધીના સમયમાં કરી શકે છે.

૩. નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ ઇલેકટોરલ રોલ મુજબના સભ્યોએ રજૂ કરવાના થતા પુરાવા તેમજ આ ઇલેકટોરલ રોલની સામે જે સભ્યોને વાંધાઓ-રજુઆતો કરવી હોય તો તેઓ તેઓના વાંધાઓ લેખિતમાં જરૂરી પુરાવા સાથે તા.૩૦/૦૪/૨૦૧૯ ના રોજ સાંજ ૫-૦૦ વાગ્યા સુધીમાં સોસાયટીની ઓફિસે મોકલી શકે છે.

૩.૧ વ્યક્તિગત સભ્ય કે જેમના નામ અત્યારના ઇલેકટોરલ રોલમાં સામેલ છે તેમને કોઇ વાંધા કે પુરાવા રજુ કરવાના રહેતા નથી. અને જે વ્યક્તિના નામ હાલના ઇલેકટોરલ રોલમાં ન હોય તેમણે વાંધા સાથે આધાર-પુરાવા રજુ કરવાના રહેશે.

૩.૨ જે ભાગીદારી પેઢીઓના નામ હાલના ઇલેકટોરલ રોલમાં સામેલ હોય તેમને ૨૦૧૬ થી હાલની તારીખ સુધીમાં ભાગીદારી પેઢી ચાલુ છે તે અંગેના પુરાવા નીચે જણાવ્યા મુજબ રજુ કરવાના રહેશે.

ભાગીદાર પેઢી પાર્ટનરશીપ એકટ નીચે રજીસ્ટ્રાર ઓફ ફર્મ્સમાં નોંધવામાં આવેલી હોય તો રજીસ્ટ્રાર ઓફ ફર્મ્સની ઓફિસમાંથી મેળવેલી ભાગીદારી પેઢીના રજીસ્ટ્રેશનની સહી-સિક્કાવાળી નકલ તેમાં થયેલા સુધારા-વધારા સાથેની એ રીતની સહી સિક્કાવાળી નકલ

**અને - અગર**

ભાગીદારી પેઢીના બંધારણમાં થયેલા ફેરફારો અંગેના તમામ અસલ દસ્તાવેજો તેની નોટરાઇઝ ઝેરોક્ષ નકલ તેમજ ખરાઇ માટે ઓરીજીનલ દસ્તાવેજો સાથે રાખી રજુ કરવા.

આમ ભાગીદારી પેઢી અંગેના ઉપર જણાવેલા દસ્તાવેજો અથવા કાગળો નિયત સમયમર્યાદામાં નહિ આપે તો તે ભાગીદારીની પેઢી અસ્તિત્વમાં નથી તેમ ગણીને ઇલેકટોરલ રોલમાંથી તે પેઢીનું નામ આપોઆપ રદ થયેલું ગણાશે.

૩.૩ ટ્રસ્ટો તથા કંપનીઓ તથા એસોસીએશનોએ તેઓ હાલ ચાલુ છે તે મતલબનો ઠરાવ પસાર કરી મોકલવાનો રહેશે.

૩.૪ વ્યક્તિગત સભ્યોમાંથી જેમના મૃત્યુ થયા હોય અને તે અંગે લાગતા વળગતાઓએ તેમના મરણના પ્રમાણપત્રની નકલ સાથે રજુઆત કરવા વિનંતી છે જેથી તે મુજબ સભ્યનું નામ રદ કરી શકાય.

૩.૫ સાથોસાથ સોસાયટીના સભ્યોએ તેમના સરનામામાં ફેરફાર થયેલ હોય તો તેની પણ જાણ કરવા વિનંતી છે જેથી ઇલેકટોરલ રોલમાં તે મુજબનો સુધારો કરી શકાય.

૪. ઉપર મુજબના પુરાવાની ચકાસણી કરી સુધારા વધારા સાથે છેવટનું ઇલેકટોરલ રોલ તા.૦૨/૦૫/૨૦૧૯ ના રોજ અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની ઓફિસના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવશે અને તે તા.૦૯/૦૬/૨૦૧૯ ની ચુંટણી માટે છેવટનું ગણાશે.

તા.૨૫/૦૪/૨૦૧૯

ઓફિસઃ- કોમર્સ છ રસ્તા પાસે, યુનિવર્સિટી રોડ,
નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯.

સંજય લાલભાઇ
પ્રમુખ
અમદાવાદ એજ્યુકેશન સોસાયટી